dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August 2011 For private circulation only Vol. 03 - Issue 64

વિદ્યા તો વિમુકિતને માટે છે, નહીં કેવળ અર્થપ્રાપ્તિ કે પ્રતિષ્ઠાપ્રાપ્તિને માટે. જ્ઞાનરૂપી ધનુષ વડે સેવારૂપી શર ફેંકીને સ્વરાજયરૂપી લક્ષ્યવેધ કરવો એનું નામ જ કેળવણીની સફળતા છે. ...કેળવણી સેવા માટે, આત્મોન્નતિ માટે અને સમાજોન્નતિ માટે હોવી જોઈએ. કેળવણી સેવા માટે છે એટલું જો સ્વીકારાય; સ્થાપિત થાય તો કેળવણીનું કામ ઘણું સહેલું અને સરળ થઈ જાય.

કાકાસાહેબ કાલેલકર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ચોમાસાની આ ઋતુ છે. ભીંજાવાની મૌસમ છે. આપણે ભીંજાઈએ એ તો જરૂરી છે પણ વધારે જરૂરી તો એ છે કે, આપણે બીજાઓને પણ ભીંજવીએ. હૃદયની ઊર્મિઓથી ભીંજવીએ. આજનો માણસ ગર્જતાં શીખ્યો પણ વરસતાં નથી શીખ્યો. ગોરંભાયેલા આકાશમાં આમથી તેમ દોડા દોડી કરતાં વાદળો પાસેથી મન મૂકીને વરસવાનું માણસે શીખવા જેવું છે. કવિ અનિલ જોશીના શબ્દોમાં કહું તો 'બહાર ચોમાસું સાંકળ ખખડાવે' છે તેવા સમયે આજે તમારી સમક્ષ હૃદયની થોડીક વાતો કરવી છે.

શિક્ષણની સાંપ્રત સ્થિતિ-પરિસ્થિતિ વિશે જયારે જયારે વિચાર કરું છું ત્યારે ત્યારે વ્યગ્રતા અને કંઈક અંશે હૃદયવિદારક પીડાનો પણ અનુભવ થાય છે. 'શિક્ષણ' શબ્દ માટે કાકાસાહેબ કાલેલકરે 'કેળવણી' શબ્દપ્રયોગ કર્યો હતો. તેઓ કહેતા 'જે કેળવે તે કેળવણી'. અત્યંત ટૂંકું પણ કેટલું ચોટદાર વિધાન. આઝાદીના આટલા લાંબા સમયગાળા પછી પ્રશ્ન પૂછવામાં આવે કે 'આપણે કેળવાયા છીએ ખરા ?' તો સ્વાભાવિક રીતે જ આપણને એ ન ગમે. એક ફિલોસોફરે કહેલી વાત યાદ આવે છે. એ કહે છે : "આપણને પંખી કરતાં સારી રીતે ઊડતાં આવડયું, આપણને માછલી કરતાં સારી રીતે તરતાં આવડયું પણ આપણને માણસ તરીકે સારી રીતે જીવતાં ન આવડયું." માણસ સંસ્કૃતિ સાચવી ન શકયો અને કોણ જાણે કેમ પ્રકૃતિથી વિમુખ થતો ગયો.

માણસના વિચાર અને આચારમાં પરસ્પર વિરોધાભાસ નરી આંખે દેખાવા લાગ્યો. સંતોષને બદલે અસંતોષ, શ્રધ્ધાને બદલે સંશય, સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા, ભાવને બદલે દુર્ભાવ, આશાને બદલે નિરાશા, અહિંસાને બદલે હિંસા, ધર્મને બદલે અધર્મ... અને આવું ઘણું બધું માણસમાં, સમાજમાં વ્યાપ્ત છે. શિક્ષણ તો મુકિતદાયી છે. આપણી પાસે કેવું રૂડું-રૂપાળું સૂત્ર છે - 'સા વિદ્યા યા વિમુક્તયે ।' વિદ્યા તો મુકત કરે. અજ્ઞાનથી, અરાજકતાથી, હતાશાથી, અધર્મથી, વહેમ અને કુરિવાજોથી, અમાનવીયપણામાંથી. કેળવણી તો સત્યનું જ શિક્ષણ આપે, શિવનું જ શિક્ષણ આપે, સુન્દરનું જ શિક્ષણ આપે. માનવવિકાસ, માનવ ચેતનાનો વિકાસ જ એનો ઉદ્દેશ હોય. કેળવણીએ કેવળ ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ જ નથી શીખવવાનું પરંતુ વાસ્તવિક મૂલ્યોની નૈતિકતા શીખવવાની છે. સંવેદનશીલતા શીખવવાની છે. સમાજમાં આજે જયાં ત્યાં-ડગલે ને પગલે, પ્રત્યેક દિવસે અને મોટાભાગના પ્રસંગોએ આપણને નૈતિકતાનો અભાવ જોવા મળે છે. માત્ર નીતિ સ્પષ્ટ અને તદ્દન સાફ હોય તેને નીયતિ સાથ આપે છે. આજના માણસની સંવેદનાની ધાર સાવ બુઠ્ઠી થઈ ગઈ હોવાનું જણાઈ રહયું છે. માણસ નીતિથી જીવે -બીજાને જીવવા દે અને એની સંવેદનશીલતા તે તરફ ઘ્યાન કેન્દ્રીત કરવાની તાતી જરૂર છે. શિક્ષણ સંસ્થાઓમાં આપણે આ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ. આ પ્રકારનું શિક્ષણ આપણે આપી શકીએ એવું વાતાવરણ ઊભું કરવું પડશે. આવું વાતાવરણ ઊભું થશે તો અને તો જ આવતીકાલનો માણસ ઊભો રહી શકશે; ટટ્ટાર ઊભો રહી શકશે. આ આપણી જવાબદારી ખરી કે નહીં. આટલી નાની અમથી જવાબદારી મહાન રાષ્ટ્રનું નિર્માણ કરવામાં અત્યંત અગત્યની ભૂમિકા ભજવશે. આપણે શિક્ષકો અને શિક્ષિતો આ જવાબદારી નિભાવીશું ? ! શિક્ષકધર્મ તે વળી બીજું શું ? ભારતભરમાં ઊજવાતા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસની ખરી ઊજવણી તે આ અને આવા વિચારોની વાવણી અને લણણી.

૩૧ ઓગષ્ટ, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ૧૭૮મી જન્મ જયંતી









અર્વાચીનોમાં આદ્ય વીર કવિ નર્મદની ૧૭૮મી જન્મ જયંતીની ઊજવણી તા. ૨૪-૮-૨૦૧૧ના રોજ કરવામાં આવી હતી.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. શિરીષ પંચાલનું "નર્મદ વર્તમાન સંદર્ભમાં વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત બપોરના ૧૨.૦૦ કલાકે કવિ નર્મદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.


આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓ, ડિપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ તથા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.








## CBCS










વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે "Knowledge Consortium of Gujarat Colloquium on KCG Initiatives : A Discourse with Principals" વિષય પર કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ સ્થાને તા. ૨૪-૮-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ માટે કાર્યશિબિર યોજાઈ ગઈ. જેમાં કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા અને સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી તથા KCGના પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. સેમેસ્ટર (સી.બી.સી.એસ.) સેમિનાર તા. ૨૮-૮-૨૦૧૧ના રોજ યુનિવર્સિટીમાં ડૉ. દક્ષેશ ઠાકર, કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં સી.બી.સી.એસ. વિશે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વકુલપતિ ડૉ. રમેશ કોઠારીએ મનનીય પ્રવચન આપી અધ્યાપકો દ્વારા પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી.

અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રીએ શિક્ષકના ઉત્તરદાયિત્વની વિશદ્ ચર્ચા કરી, શિક્ષકોના શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી વધુ છે. એ બાબત પર ભાર મૂકી કાર્યક્રમને સફળતા ઈચ્છી હતી.

સ્વાગત પ્રવચન પ્રિ. ડૉ. જે.પી. ગોહિલ, ડીન શિક્ષણ વિદ્યાશાખાએ કર્યું હતું. જેમણે સી.બી.સી.એસ.ની ચર્ચા દ્વારા સેમિનારનો હેતુ સમજાવ્યો હતો.

આ સેમિનારમાં યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજના આચાર્યો, અધ્યાપકો હાજર રહી નવવિચાર સી.બી.સી.એસ. અંગે સ્પષ્ટતા પ્રાપ્ત કરી સૌ અધ્યાપકમિત્રોએ સેમિનાર રાખવા બદલ અધ્યક્ષશ્રી ડૉ. જે.પી. ગોહિલનો આભાર વ્યકત કરી કાર્ય નિષ્ઠાની પ્રશંસા કરી હતી.

આભાર વિધિ ડૉ. કે.વી. દેસાઈએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નરેન્દ્ર પી. ગોહિલે કર્યું હતું.

## ગ્રંથદાન

યુનિવર્સિટી ગ્રંથાલયને નીચે દર્શાવેલ દાતાઓ તરફથી ૪૭ ગ્રંથો જુલાઈ-ઓગષ્ટ માસ દરમ્યાન પ્રાપ્ત થયેલ છે.

૧. પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, ૪૬ ગ્રંથ (કુલ ભેટ ગ્રંથ-૮૫)
૨. શ્રી કાન્તિલાલ એન. પટેલ, ગાંધીનગર, ૧ ગ્રંથ

## સ્પર્ધા





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના એમ.એ.ના પ્રથમ સેમેસ્ટરની વિદ્યાર્થિની પટેલ સોનલ ભીખાભાઈ તથા ત્રીજા સેમેસ્ટરની વિદ્યાર્થિની વિંઝુડા જાગૃતિ ગાંગજીભાઈની ટીમે જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી આયોજીત સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા આંતર કોલેજ કવીઝ સ્પર્ધામાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં ૩૦ કોલેજોએ ભાગ લીધો હતો. અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા બન્ને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## જર્નલ્સની લેખ સૂચિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા જર્નલ્સમાં સમાવિષ્ટ લેખોનો અનુક્રમ.

**VNSGU Journal of Humanities of Social Sciences (A Biannual) Publication). Vol.1. Issue 1, January-June 2009.**

**Contents**

**Economics**

1 Industrial Development in Gujarat with Special Reference to Small Scale Industries. (p. 7)
Gaurang R ami and Yogesh N. Vansiya

2 Demographic Dividend: A Theoretical Perspectives. (p. 18)
Manish R. Patel and Vijay S. Jariwala

3 Child Labour: Problems and Remedies (p. 29)
Kirti S. Zankharia.

**Sociology**

4 Values and Development: A Sociological Perspective. (p. 50)
B.K. Swain

5 Globalization of Europe and Religion. (p.67)
Mirolijub Jevtic

6 Caste Violence and Development: Inputs from Uttar Pradesh with Special Reference to Dalit Woman. (p.80)
Prashant Kumar Trivedi

7 Social Research in the Present Social Context: An Exposition. (p. 95)
Suguna Pathy.

**Social Sciences**

8 Empirical Analysis of Co-movements of Stock Markets. (p. 116)
Prashant Joshi.

9 Policy Regime Change in Telecommunication Sector and Its Growth in India. (p. 126)
Smruti Bulsari

**Language**

10 Designing Task-based Communicative Language Learning. (p. 140)
Mahesh Kumar Dey

11 Translation as Decolonization: the Indianness of Indian English Writing. (p. 149)
Rakesh Desai.

**Literature**

12 Grounds of Comparison: the Crisis in Comparative Indian Literature. (p. 163)
E.V. Ramakrishnan.

**VNSGU Journal of Humanities of Social Sciences (A Biannual Publication). Vol.1. Issue 2, July-December 2009.ISSN 0975-637X**

**Natural Resource Management Economics**

1 Community Natural Resource Management Institutions in Guajart and Madhyapradesh. (p. 1)
John R. Wood

**Social Condition of Dogra Community-Sociology**

2 Religion, Caste and Community: A Sociological Exploration of 'Maile' Congregations among Dogra Community of Jammu Region.(p. 19)
Ashish Saxena and Mweenakhi Chandan.

**Social Cultural Identity-Racial,Ethnic National Group**

3 Socio-Cultural Indentity and Perception of Regional Disparity: A study of Rajouri and Poonch Districts. (J&K) (p. 34)
Mazammil Hussain Malik

**Minority Group Conflict Sociology**

4 Issues of Dalit Conflicts in Gujarat (p. 51)
Arjun Patel

**Medial Service-Social Welfare**

5 Access and Utilization of Health Care Services in Urban Low-Income Settlements in Surat. (p. 64)
Akash Acharya

**Investment Financial Economics**

6 Efficiency of Indian Stock Market: A Study of National Stock Exchange of India (p. 88)
Prashant Joshi

**Social-Religious Conflict Sociology**

7 Christianity and Conflict-A Sociological Investigation into the Potential for Conflict and Elements for its Resolution in Christianity (p. 95)
Jose Kuriedadh

**Mass Communication**

8 Mass Media in India and the Invisible Marginalized. (p. 116)
Kalpana Rao

**Folklore**

9 Mama Day: Community as a Quilt in the Making. (p. 126)
Sudha R. Menon

**Women-Sociology**

10. અનઆધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં બે ગુજરાતી સર્જકો (p. 126)
દમયંતી પરમાર

**Gujarati Fiction-Criticism**

11. 'તત્મસિ' અને 'આરણ્યક' નવલકથામાં પ્રકૃતિ અને સંસ્કૃતિ (p. 149)
મુકેશ વસાવા

**VNSGU Journal of Humanities of Social Sciences (A Biannual Publication). Vol.2. Issue 1, January-June 2010. ISSN 0975-637X**

**Women Sociology**

1 Women, Violence and Society-Challenges For Restoration of Space. (p. 1)
Maithreyi Krishnaraj

**Agriculture Economics-Farmer Problems**

2 The Agrarian Impasse, Crisis, and Farmers' Suicide in India. (p. 10)
S.N. Tripathi

**Community Planning and Development**

3 Voluntary Organization and Development Programms: An Appraisal. (p. 24)
Umesh Sahoo.

**Social-Cultural Status-Racial Ethnic National Group**

4 Socio-Cultural Status of Paliyan Tribe in Hills and Plains. (p. 39)
R.Kannan, R.Mangayarkarasu and R.M. Muthu

**Rural Planning and Development Sociology**

5 Public Policy and Volunteerism: A study of 'Total Sanitation and Open Defecation Free Villages'

Campaign in Rural Maharashtra. (p. 55)
B.S. Waghmare.
**Translation-Linguistics**
6 Translation as Re-translation: the Issues of Communication in Literary Translation. (p. 86)
Rakesh Desai
**English Fiction-Literature**
7 Identity Crisis in the Novels of Salman Rushdie (p. 96)
Baijayanti Swain
**Social Conflict**
8 Communal Relations and Communal Consciousness in the Wake of Communal Violence: A Case Study of Surat City. (p. 126)
Kiran Desai.
**Agricultural Economics**
9 Key Issues of India's Food Security. (p. 153)
S.Srinivasa Rao
**Labour Economics**
10 Expectations and Inflation. (p. 169)
Gaurang Rami
**Higher Education**
11 Growth, Trends and Pattern of Higher Education in South Gujarat (A Case Study of Veer Narmad South Gujarat University, Surat) (p. 178)
Dhaval J. Pandya

**VNSGU Journal of Humanities of Social Sciences (A Biannual Publication). Vol.2. Issue 2, July-December 2010. ISSN 0975-637X**

**Economic Development**
1 Sustainable Development: Some Reflections. (p. 1)
Sudarshan Iyengar
**Women Condition-Sociology**
2 From Periphery to Pivotal-A Shift in the approach of Women's Development. (p. 25)
B. Geetha
**Women Sociology**
3 Problems and Prospects of Women Entrepreneurship in Orissa: An Empirical Study in Bhubaneswar City. (p. 39)
Chinmayee Satpathy
**English Poems**
4 Religious Strains in Nissim Ezekiel's Poems. (p. 59)
John Wesly and N.D.R.Chandra
**Women Sociology**
5 Coping Strategies of Women with HIV/AIDS in Andhra Pradesh. (p. 69)
Kusum Bharati
**Women Worker-Labour Economics**
6 Effect of Work Schedules on Women's Work Participation. (p. 86)
Smruti Bulsari
**Poverty-Macroeconomics**
7 Rural Poverty in South Gujarat Region: A Critical Study. (p. 95)
Yogesh N. Vansiya and Manish R. Patel
**English Essays-Literature**
8 Translating Critical Essays on Narmad: Issues and Strategies. (p. 117)
Amit Prajapati.

**VNSGU Journal of Management and Administration. (A Biannual Publication). Vol.1.Issue 1, January-June 2009.**

**Management Education**
1 Total Quality in Management Education Institutes. (p. 1)
B.A. Prajapati and T.T.Kachwala
**Management**
2 Indian Ethos, Indian Culture and Indian Management: Towards New Frontiers in Management Thinking. (p. 23)
Subhash Sharma
**Production Management**
3 Nano: Beyond Hype and Wishful Thinking. (p. 47)
J.S. Panwar
**Research**
4 CSR Practice in India: Some Suggestions For Empirical Investigation. (p. 52)
Nimruji Jammulamadaka and M.R.Kollegal
**Ecological Biology**
5 The Ecological Dimension of Kinship of AllL i v i n g Beings: A Re-Assessment of Prof. Subhash Sharma's Three Es Model. (p. 70)
Isha Gamlath
**Marketing Management**
6 Sources of Product Knowledge among Retail Customers. (p. 79)
Hemant C. Trivedi and Darshana Shah
**Urban Community Development-Sociology**
7 Theory and Practice of Urban Community Development in Ethiopia: A Case Study from Addis Ababa. (p. 85)
Samson Kassahun
**Production and Energy**
8 Energy Sector: A Perspective. (p. 102)
M.L. Panwar

**VNSGU Journal of Management and Administration. (A Biannual Publication). Vol.1.Issue 2, July-December 2009. ISSN 0975-6361**

**Entrepreneurship Production-Economics**
1 Small and Medium Enterprises (SMEs) Informal Networking: An Empirical Investigation in Addis Ababa. (p. 1)
Esubalew Alehegn and Muse Gadisa
**Toursim Development-Economics**
2 The Role of the Public Sector in Tourism Development in Ethiopia. (p. 28)
Thomas P.Z, Mpofu
**Animal Husbandry**
3 Livestock Consolidation in Gujarat. (p. 42)
Jignesh Shah and Dr.Darshana Dave
**Entrepreneurship**
4 Social Entrepreneurs: Meaning and Significance. (p. 56)
Ms.Jigna Trivedi and Dr.P.K. Pandya
**Urban Communities Development-Town Planning- Sociology**
5 Town Planning: A Multipurpose Tool for Urban Development. (p. 75)
Rajesh J. Pandya

**Entrepreneurship**

6 Mantis Technologies: A Case on Techno-Entrepreneurship. (p. 91)
H.P. Bulsara, Shailesh Gandhi and P.D. Porey

**Production Economics Growth**

7 Dynamics of Air Cargo Sector: A Rightful Place in Economic Growth. (p. 120)
Samir Mankad

**VNSGU Journal of Science and Technology. (A Biannual Publication). Vol.1.Issue 1, January-June 2009. ISSN 0975-5446**

**Aquatic Biology**

1 Assessment on Hematological Parameters of Labeo Rohita Exposed to Untreated and Mixed Treated Wastewater of ONGC. (p. 1)
Gadhia M. Gandhi D. and Talsania N.

**Bioscience**

2 Ochratoxin-Induced Lipid Peroxidation in the Testis of Mice and It's Amelioration by Emblica Officinalis (Amla) Aqueous Extract. (p. 7)
Chakraborty Devjani and Verma Ramtej

3 Bioactive Components of Aqueous Extract of Green Tea Leaves (Camellia Sinensis) and Their Antibacterial and Antifungal Activity. (p. 17)
Chakraborti Sunanda and Chakraborty Devjani

**Computer Science**

4 A Multi-Agent System (MAS) for Student Monitoring and Control in Distance Learning Environment. (p. 23)
Patel Sanskruti, S.P.Srinivas and Swaminarayan P.R.

5 The Semantic Web: Next Generation Web Architecture for Intelligent Information Storage and Retrieval. (p. 29)
Vaishnav K.M., Swaminarayan P.R. and Virparia P.V.

**Mathematics**

6 Rules for Cellular Automation and ItsApplication to Simulate The Gaseous Phenomena. (p. 37)
Patel Kaushal and Bhathawala, P.H.

7 Properties of Fermat Numbers and Its Generalizations. (p. 46)
Shah Devbhadra V.

**Physics**

8 Designing Practical Digital Circuits Using ABEL-HDL. (p. 53)
Bhaskar A.A. and Pandya H.N.

9 Effect of Coulomb Reorientation on Fusion Cross-Section and Barrier Distribution in 16 O+154 Sm Reaction. (p. 58)
Desai P.R. and Godre S.S.

10 Estimation and Tracking of State Space Parameters of Cardiovascular Signals. (p. 67)
Parmar Bhadresh and Joshi V.G.

11 Microcontroller Interfaced with Matrix Display for Different Languages. (p. 77)
Trivedi S.M., Trivedi D.R. and Lele P.D.

**Statistics**

12 Combination of Mean and RMSD (Root Mean Square Deviation) Charts an Alternative of Combination of X and R-chartes and Combination of X and S-charts. (p.83)
Desai Sejal A. and Naik Vipul D.

13 Estimation Problem in Two-Piece Generalized Laplace Distribution. (p. 95)
Singh A.K. and Shanubhogue A.

14 Estimating the Parameter of the Selected Population in the Power Series Distributions. (p. 104)
Shanubhogue Ashok, A1_Mosawi Riyadh Rustom

(Prepared by : B. J. Ankuya)

વધુ આવતા અંકે...

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

તા. ૯-૦૮-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ મુકામે ૧૦૮ સેવામાં જિલ્લા કો. ઓર્ડિનેટર શ્રી જીતેન્દ્રભાઈ મહારાજ તથા કનુભાઈ વસાવા, મલેકભાઈ તથા ભોયે ઉપસ્થિત રહયા હતા તેમણે તાલીમાર્થીને ૧૦૮ અંગેની કામગીરી કઈ રીતે કરે છે. તેની પાસે કેટલી કયા સ્થળે છે તે કઈ રીતે કાર્ય કરે છે. વગેરે બાબતોની સંપૂર્ણ સમજ આપેલ આપવામાં આવી હતી. ત્યારબાદ બી.એડ્.પીટીસીની તાલીમાર્થી બહેનો દ્વારા ૧૦૮ વાન અને તેના સભ્યોને રક્ષા બાધી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં સંસ્કૃત દિવસની ઉજવણી વૈવિધ્ય સભર રીતે કરવામાં આવી હતી. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં શ્લોક નૃત્ય સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌ અધ્યાપકમિત્રોનું પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે સંસ્કૃત વિશે પ્રવચન રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓએ ભજન, સંસ્કૃતગીત, વકતવ્ય, અભિનય ગીત, સંસ્કૃત ગરબો, નાટક, ગીત તેમજ વિવિધ શ્લોકો સંસ્કૃતમાં રજુ કર્યા હતા. પ્રા. માયાબેન પટેલે સંસ્કૃતમાં પ્રવચન રજૂ કરી સંસ્કૃતનું મહત્વ વર્ણવતુ ગીત રજુ કર્યું હતું. આભારવિધિ મોકાસે ગુંજેશ્વરીએ તથા સંચાલન ઓઝા અભિષેકે કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન ભરથાણા, વેસુ, સુરતમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. તાલીમાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા પ્રાર્થના, ધૂન વકતવ્યો, તેમજ ભજનો રજૂ થયા. અને અંતે મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો. ઈન્ચાર્જ આચાર્યશ્રી નયનાબેન ચૌહાણે જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવી કાર્યક્રમનું આયોજન આ. પ્રોફેસર અખિલેશભાઈ નાયક અને આ. પ્રોફેસર દેવાંગનાબેન પટેલ તથા આ. પ્રોફેસર દિપ્તીબેન શ્રોફે કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા, વેસુ, સુરતમાં ૬૫ માં પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે દેશભકિત ગીત સ્પર્ધા-પોસ્ટર્સ સ્પર્ધા યોજાઈ તેમજ તાલીમાર્થી ભાઈ૦બહેન દ્વારા પ્રાર્થના, સરસ્વતી વંદના, વકતવ્ય, નાટક, ધ્વજવંદન કાર્યક્રમ તેમજ દેશભકિતને લગતા નૃત્યો, સોલો ડાન્સ, તેમજ દેશભકિતના ગીતો રજૂ થયા. વર્ગશુસોભન તથા કલાત્મક રંગોળી કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધન ઈન્ચાર્જ આચાર્યા શ્રી નયનાબેન ચૌહાણે કર્યું હતું. કાર્યક્રમનું આયોજન આ. પ્રોફેસર ભાવિનાબેન દેસાઈ તથા આ. પ્રોફેસર અખિલેશભાઈ નાયકે કર્યું હતું. આભારવિધિ પટેલ નિલમ અને કાર્યક્રમનું સંચાલન મૈસુરિયા શ્રુતિ તથા ખૈર મેઘનાએ કર્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કેમ્પસ પર આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડા સાહેબના નેતૃત્વ હેઠળ જીવન જયોત ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ગિરધરલાલ મુઢાજીના વરદ્ હસ્તે, પ્રમુખશ્રી કાંતિલાલ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુભાઈ શાહ, ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, શ્રી ડાહયાભાઈ જી. શાહની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ

કાર્યક્રમમાં બી.એ., બી.બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ. અને એસ.પી.બી. સ્કૂલના આચાર્યા શ્રીમતી કલ્પનાબેન દેસાઈ તથા સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહયો હતો. આ પ્રસંગે લેફ્ટન્ટ પ્રા. પુનિતા પટેલ અને એન.સી.સી.ના વિદ્યાર્થિનીઓની એન.સી.સી. ગ્રૂપ લિડર કુ. વૈભવી નાયકની રાહબરી હેઠળ એન.સી.સી.નાં વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી તેમજ કોલેજ તથા શાળા પરિવાર તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૨૪-૦૮-૧૧ના રોજ વીર કવિ નર્મદની ૧૭૮મી જન્મજયંતી નિમિત્તે 'વીર કવિ નર્મદ અને સુધારો' વિષય પર શ્રી રમણભાઈ પાઠકે ખૂબ સુંદર રીતે તેમની આગવી શૈલીમાં મનનીય પ્રવચન રજૂ કર્યું હતું અને સાથે સાથે તાલીમાર્થીમિત્રોને નર્મદમાં રહેલા ગુણો જીવનમાં ઉતારવાની ટકોર કરી હતી. આભારવિધિ પ્રા. ફેનિલબેન વશીએ અને કાર્યક્રમનું સંચાલન પ્રા. માયાબેન પટેલે કર્યું હતું.

સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ૧૫-૮-૨૦૧૧ના રોજ ધ્વજવંદનની ઊજવણી કરવામાં આવી.

## પ્રવેશ

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી શ્રી નિખિલ ચૌધરીએ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા લેવાતી નેશનલ લેવલની એમ.એસસી., પી.એચડી. ડયુઅલ ડીગ્રી કોર્સ-૨૦૧૧ની પ્રવેશ પરીક્ષા (JAM)માં ઉતિર્ણ થઈ, ભારતની સર્વોચ્ચ ગણાતી ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈમાં પ્રવેશ મેળવેલ છે. અભિનંદન

## પ્રવાસ

શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલના વિદ્યાર્થીઓ દ્વારા ૧૧-૮-૧૧ના રોજ જેમાં શૂલપાણેશ્વરનું મંદિર, ઝરવાણીનો ધોધ, સરતર સરોવર ડેમ, ગરૂડેશ્વર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં બી.એડ્., પી.ટી.સી. અને બી.આર.એસ.ના સર્વે તાલીમાર્થીઓ અને અધ્યાપક ગણએ પ્રવાસની મજા માણી હતી.

## ઈનામ વિતરણ

સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ, સુરતમાં અદ્યતન કોમ્પ્યુટર લેબનું ઉદ્દઘાટન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદ હસ્તે તા. ૮-૮-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું. તેમજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદ હસ્તે સી.બી. પટેલ કોમ્પ્યુટર કોલેજ, ડી.આર.પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, તેમજ નવનિર્માણ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ના તેજસ્વી તારલાઓને પારિતોષીક આપી સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલે સંસ્થાનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો, તેમજ કુલપતિશ્રીએ પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું.

## વૃક્ષારોપણ

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાન તથા શ્રીમતી જી.એન. પંડયા બી.કોમ. કોલેજ, ભેસ્તાનમાં સંયુકત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી હેમંતભાઈ પંડયા, બી.એડ્. કોલેજના ઈ.આ. બિન્નીબેન મહેતા, બી.કોમ. કોલેજના ઈ.આ. ચંદ્રકાન્ત ગોને, પ્રાધ્યાપક ગણ તથા બી.એડ્ અને બી.કોમ. કોલેજના વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે વૃક્ષોનું રોપણ કરી "Keep Green, Go Green" નો સંકલ્પ કરી પર્યાવરણની જાળવણીનો સંકલ્પ કર્યો હતો.

## સ્પર્ધા

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને JCIના સંયુકત ઉપક્રમે ૬૫માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણીના ભાગરૂપે દેશભકિત ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. JCIના સભ્યોને કાર્યકારી આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે આવકાર અને પરિચય આપ્યો હતો. ત્યારબાદ તમામ સભ્યોનું પુસ્તક પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. ત્યારબાદ કોલેજના સ્પર્ધકોએ દેશભકિત ગીતો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ગૌંડ રંજુબેન, દ્વિતીય ક્રમે પગારે મહેન્દ્ર અને તૃતિય ક્રમે મૈસુરિયા રીના વિજેતા બન્યા હતા. વિજેતાઓને JCI તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે JCIના સભ્યો એ ભૂમિકા ભજવી હતી. આભારવિધિ પ્રા. રોશનીબેન આયતોડાએ અને સંચાલન પ્રા. કનુભાઈ સ્વાગીયાએ કર્યું હતું.

તા. ૧૨-૮-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે રાખડી અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાખડી સ્પર્ધામાં કુલ ૧૧ તાલીમાર્થીઓ અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ૦૭ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા રાખડી સ્પર્ધામાં પ્રથમ વસાવા વૈશાલીબેન, દ્વિતિય ક્રમે વસાવા દર્શનાબેન તેમજ વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે લુહાર અમીષા, દ્વિતિય ક્રમે કોસંબિયા પ્રિયંકાબેન વિજેતા રહયા હતા.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં રક્ષાબંધન નિમિત્તે રાખડી સ્પર્ધા યોજાઈ હતી જેમાં તાલીમાર્થીઓએ વિવિધ કલાત્મક રાખડીઓ બનાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સોલંકી નીશા આર., દ્વિતીય ક્રમે ચૌધરી નીતા બી. અને મોરકર બીનલ આર. અને તૃતીય ક્રમે પટેલ વંદના એન., નાયર નિત્યા એસ. રહયા હતા. ઉપરાંત જન્માષ્ટમી નિમિત્તે ભજન સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં તાલીમાર્થીઓએ સુમધુર ભજનો દ્વારા કાનુડાની આરાધના કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ શિલ્પાબેન કે., દ્વિતીય ક્રમે સોલંકી રાજેશ્રીબેન વી. તથા તૃતીય ક્રમે પટેલ દિવ્યેશભાઈ રહયા હતા. મટકીફોડ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ મટકી ફોડી કાનુડાનો જન્મોત્સવ મનાવ્યો હતો.

## આરોગ્ય

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત બી.કોમ./બી.બી.એ./બી.સી.એ./ કોલેજના સંયુકત ઉપક્રમે તથા નવી સિવિલ હોસ્પિટલ રકતદાન કેન્દ્ર સુરતનાં સહકારથી તારીખ ૨૬ જુલાઈ ૨૦૧૧ના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન આઠમી રકતદાન શિબિરનું સફળ આયોજન કોલેજમાં કરવામાં આવ્યું હતું. સપ્તધારાની સામુદાયિક સેવા ધારા તથા એન.એસ.એસ.ના નેજા હેઠળ યોજાયેલ આ શિબિરમાં ત્રણે કોલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉમળકાભરે ભાગ લીધો હતો. ઉપરાંત શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓએ પણ સક્રિય રીતે ભાગ લઈ રકતદાન કર્યું હતું. આ કેમ્પસમાં ૧૩૫ જેટલા યુનિટ રકતનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારંભમાં ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી કીરીટભાઈ ગાંધી તથા મંત્રીશ્રી ભાણજીભાઈ પટેલે હાજર રહી વિદ્યાર્થીઓને રકતદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. એ.જી. મહેતા તથા ત્રણે કોલેજના ઉપાચાર્યશ્રીઓના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ શ્રી તેજસ આર. ઘડિયાળી તથા શ્રી પરીક્ષિત કે. ઈચ્છાપોરિયાએ કર્યું હતું.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**વિદ્યાલયોમાં નિરીક્ષણ–વ્યવસ્થા અને માનવ સંબંધો.**
ડૉ. રાયસિંગ બી. ચૌધરી. અમદાવાદ : પ્રમુખ પ્રકાશન, ૨૦૧૦. ૨૨૩. પૃ. ૨૫૦-૦૦.

આ ગ્રંથના લેખક વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ અનુસ્નાતક વિભાગમાં એસોસિએટ પ્રોફેસર તરીકે પ્રશંસનીય સેવાઓ બજાવી રહયા છે. મુકત તાસ સમયે પણ તેઓશ્રી યુનિવર્સિટી ગ્રંથાલયની વાચનસામગ્રીને ધ્યાનથી નિરીક્ષણ કરતા જોવા મળે છે જે તેમનો ગ્રંથાલય પ્રેમ વ્યકત કરે છે.

બી.એડ્. અને એમ.એડ્. કક્ષાએ ચાલતાં લેખકશ્રીના અન્ય છ પુસ્તકો વિદ્યાર્થીઓમાં અને અધ્યાપકોમાં વખણાયાં છે. તદ્‌પરાંત ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીઓમાં બી.એડ્. અને એમ.એડ્. કક્ષાએ ચાલતાં બે પુસ્તકો પણ વખણાયાં છે. એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના બી.એડ્. અભ્યાસક્રમનું 'શાળા વ્યવસ્થાપન' શીર્ષકવાળું પુસ્તક પણ વખણાયું છે.

આ ગ્રંથ બે ભાગમાં વિભાજીત છે. પ્રથમ વિભાગઃ ૧ 'વિદ્યાલયોમાં નિરીક્ષણ-વ્યવસ્થા'માં પ્રકરણઃ ૧. નિરીક્ષણનો ઉદ્‌ભવ, વિકાસ અને ક્ષેત્ર, ૨. નિરીક્ષણનો અર્થ, વ્યાખ્યાઓ અને સંકલ્પના, ૩. નિરીક્ષકની વિવિધ ભૂમિકાઓ, ૪. નિરીક્ષણ : પ્રક્રિયા તરીકે, ૫. આધુનિક નિરીક્ષણનાં ધ્યેયો અને હેતુઓ, ૬. નિરીક્ષણના પ્રકારો, ૭. નિરીક્ષણની પધ્ધતિઓ અને પ્રવિધિઓ, ૮. નિરીક્ષણમાં આચાર્યની ભૂમિકા અને પ્રશાસકીય ગુણો, ૯. નિરીક્ષણમાં નિરીક્ષકની ભૂમિકા અને નિરીક્ષણીય ગુણો, ૧૦. નિરીક્ષણના સિધ્ધાંતો અને પરિબળો, ૧૧. નિરીક્ષક : ગઈકાલના અને આજના, ૧૨. અધીક્ષણના હેતુઓ અને અધીક્ષણનાં કાર્યો, ૧૩. પ્રવર્તમાન નિરીક્ષણ અને અધીક્ષણની ક્ષતિઓ, જયારે વિભાગઃ ૨ : 'માનવ સંબંધો'માં પ્રકરણ : ૧. શૈક્ષણિક પ્રશાસનમાં માનવ સંબંધોનું મહત્વ, ૨. માનવ સંબંધોના પાયાનાં મૂલ્યોનું જતન અને માર્ગદર્શક સિધ્ધાંતો, ૩. વ્યવસ્થાપનમાં માનવ-સંબંધો, મૂલ્યો અને સજ્જતા. ૪. વિદ્યાલય વ્યવસ્થાપનમાં માનવ-સંબંધોનું મનોવિજ્ઞાન, ૫. વિદ્યાલયમાં માનવ-સંબંધોની દિશાઓ, ૬. શિક્ષણમાં માનવ-સંબંધોની વિસ્તરની ક્ષિતિજો, ૭. મેસ્લોનો સિધ્ધાંત અને માનવ-સંબંધો, ૮. માનવ-સંબંધોના વિકાસ માટેની વિચારધારાઓ, ૯. માનવ-સંબંધોના અવરોધો અને સુસંવાદિતા વધારવા માટેની પ્રક્રિયાઓ, ૧૦. શૈક્ષણિક વ્યવસ્થાપનમાં પ્રત્યાયનની સંકલ્પના, અગત્ય અને પ્રણાલીઓ, ૧૧. શૈક્ષણિક વ્યવસ્થાપનમાં પ્રત્યાનના અવરોધો અને પ્રત્યાયનનાં કૌશલ્યોના વિકાસમાં લેવાની કાળજી, ૧૨. આચાર્યની સફળ નેતૃત્વ-શૈલી જેવાં પ્રકરણો સમાવેશ પામે છે.

શૈક્ષણિક પ્રશાસનનું અધ્યયન કરતા અનુસ્તાનક વિદ્યાર્થીઓને નિરીક્ષણ-વ્યવસ્થા અને માનવ-સંબંધોના સંદર્ભમાં વધુ માહિતી આ પુસ્તક થકી પ્રાપ્ત થાય છે. બી.એડ્. અને અધ્યાપન મંદિરોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ, વિદ્યાલયોના આચાર્યો, નિરીક્ષકો, શિક્ષકો, શૈક્ષણિક પ્રશાસકો, અધિકારીઓ અને શૈક્ષણિક સંશોધનમાં રસ ધરાવતા સૌ કોઈને પણ આ ગ્રંથ માર્ગદર્શક બનશે.

આપણે આશા રાખીએ કે લેખકશ્રી શિક્ષણ જગતને વધુ કૃતિઓ પ્રદાન કરે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે
બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

કયારેય કોઈ સમક્ષ દ્વેષભાવ રાખવો નહીં. કોઈનું ખરાબ ઈચ્છવું, વિચારવું કે કરવું તે તો મહાપાપ છે જ, પણ સૌથી મોટું પાપ કોઈ વિશે ખરાબ સમજવું એ છે. કેમ કે, કોઈનું ખરાબ તમે એક વખત કરો છો. તે કેટલું કરશો ? પરંતુ કોઈ વિશે તમે ખરાબ સમજો છો ત્યારે ચોવીસ કલાક તમે ખરાબ કાર્ય કરો છો. સતત મનમાં કડવાશ અને ગુસ્સો સંઘરી રાખો છે. કયારેય કોઈ માટે કડવાશ કે ગુસ્સો રાખવો જોઈએ નહીં. હંમેશા પ્રેમ વહેંચવો જોઈએ. પરિવારના અન્ય સભ્યોની નિંદા ન કરવી કે તેમના પ્રત્યે કડવાશ ન રાખવી જોઈએ. બલ્કે પરિવારના સભ્યોને પ્રેમ કરવો જોઈએ. કેમ કે પરિવારના સભ્યોને પ્રેમ કરવાથી ઈશ્વરનો પ્રેમ મળે છે.

શ્રી ભીખમચંદજી

લીડરશીપ અંગે એક રસપ્રદ બાબત એ છે કે તમારે તમારા પોતાના નિર્ણયો અને કામગીરીની જવાબદારી ઉઠાવવાની જ હોય છે, પરંતુ તે સાથે જ તમારી સાથે સંકળાયેલા માણસો બાબતે પણ જ જવાબદાર ઠરો છો.

થોમસ મેકડોનેલ (ડીએસટી સિસ્ટમના સીઈઓ)

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com